## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૪૪ | ૯૫૧ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| એરંડા | ૬૪૯ | ૬૭૦ |
| ઘઉં | ૩૧૧ | ૩૬૬ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૬૮૧ |
| બાજરી | ૨૬૬ | ૨૯૬ |
| ગવાર | ૧૪૨૪ | ૧૫૫૧ |
| રાયડો | ૫૪૦ | ૫૭૮ |
| ડાંગરજયા | ૩૦૦ | ૩૦૮ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૮૫૦ | ૯૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ડાંગરનવા | ૨૯૦ | ૩૨૫ |
| ડાંગરગુજ | ૩૩૫ | ૩૬૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૨૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| ડાંગર | ૩૩૫ | ૩૬૦ |
| ડાંગર જયા | ૨૯૦ | ૩૨૬ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૫ | ૬૪૮ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૦ |
| બાજરી | ૨૪૦ | ૨૬૫ |
| વરિયાળી | ૧૦૫૦ | ૧૪૫૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૫૫૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૧૩ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૫૭ | ૨૬૬ |
| એરંડા | ૬૪૦ | ૬૪૮ |
| મગ | ૧૦૪૦ | ૧૦૬૬ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૭૦ | ૬૧૦ |
| એરંડા | ૬૧૦ | ૬૫૯ |
| બાજરી | ૨૭૦ | ૨૯૬ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૬ |
| ઘઉં | ૩૦૫ | ૩૮૪ |
| મગફળી | ૮૧૦ | ૮૮૦ |
| ગવાર | ૧૪૭૦ | ૧૫૧૫ |
| મગ | ૧૦૫૦ | ૧૧૫૨ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| જીરૂ | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ચણા | ૬૫૦ | ૮૪૫ |
| સોયાબીન | ૬૦૦ | ૭૨૭ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૫ | ૬૫૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૫૫ |
| મગ | ૯૫૦ | ૧૦૫૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૭૦ | ૨૮૦ |
| ઘઉં | ૨૯૭ | ૩૪૪ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૫૫ | ૬૫૭ |
| ગવાર | ૧૪૬૭ | ૧૪૯૧ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૨૨ | ૩૪૩ |
| રાયડો | ૫૨૫ | ૫૬૫ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૫ | ૨૭૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૪૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૫ |
| એરંડા | ૬૫૦ | ૬૫૫ |
| ગવાર | ૧૪૫૦ | ૧૪૭૫ |
| મકાઈ | ૨૨૦ | ૨૭૦ |
| તુવેર | ૫૨૦ | ૬૧૦ |
| જુવાર | ૩૧૦ | ૩૩૦ |
| રાયડો | ૫૧૦ | ૫૪૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૮૦૦ | ૮૯૭ |
| એરંડા | ૬૪૨ | ૬૬૩ |
| રાયડો | ૫૦૦ | ૫૯૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૮૫ |
| મગ | ૧૦૦૦ | ૧૦૪૨ |
| બાજરી | ૨૭૦ | ૨૭૩ |
| મકાઈ | ૨૬૦ | ૨૭૧ |
| ચણા | ૬૦૦ | ૬૪૦ |
| તુવેર | ૭૨૫ | ૮૧૫ |
| ગવાર | ૧૩૦૯ | ૧૫૨૨ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૬૧૧ | ૬૨૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૪ |
| ડાંગર | ૨૮૦ | ૩૮૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૯ |
| જવ | ૨૫૧ | - |

| | | |
|---|---|---|
| ગવાર | ૧૪૦૧ | ૧૫૩૩ |
| એરંડા | ૬૪૫ | ૬૫૧ |
| રાયડો | ૫૩૮ | ૬૦૫ |
| જીરૂ | ૧૯૫૧ | ૨૪૦૯ |
| વરીયાળી | ૯૧૧ | ૧૦૨૬ |
| તલ | ૨૧૧૫ | ૨૧૭૦ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૯ | ૫૨૮ |
| રાજગરો | ૬૨૦ | ૧૧૦૧ |
| અસાળીયો | ૬૬૦ | - |
| વરીયાળી | ૭૭૩ | ૯૭૯ |
| જવ | ૨૭૭ | - |
| રાયડો | ૬૧૦ | ૬૫૫ |
| એરંડા | ૬૪૧ | ૬૬૬ |
| ગવાર | ૧૪૫૧ | ૧૫૩૫ |
| ઘઉં | ૨૮૦ | ૪૩૨ |
| બાજરી | ૨૩૨ | ૨૮૦ |
| જુવાર | ૩૭૬ | ૫૩૮ |
| જીરૂ | ૧૭૩૫ | ૨૦૪૮ |
| ઈસબગુલ | ૧૩૧૫ | - |
| સવા | ૬૯૯ | ૭૧૧ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૪૨૫ |
| બાજરી | ૨૦૦ | ૨૮૭ |
| રાયડો | ૫૮૦ | ૬૭૦ |
| એરંડા | ૬૪૦ | ૬૬૮ |
| જુવાર | ૩૫૦ | ૫૦૧ |
| મેથી | ૫૧૫ | ૫૪૬ |
| ગવાર | ૧૪૪૦ | ૧૫૧૪ |
| રજકાનાબી | ૧૫૦૦ | ૩૨૦૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| જવ | ૨૭૮ | - |
| જુવાર | ૨૮૫ | ૩૫૦ |
| ઈસબગુલ | ૧૦૦૦ | ૧૧૪૧ |
| ઘઉં | ૩૦૦ | ૪૩૧ |
| જીરૂ | ૧૫૦૦ | ૨૩૨૦ |
| રાયડો | ૫૧૫ | ૬૨૦ |
| રજકાનાબી | ૧૬૫૧ | ૩૩૦૦ |
| મેથી | ૫૧૦ | ૫૩૯ |
| સવા | ૫૨૫ | ૭૦૦ |
| બાજરી | ૨૭૦ | ૩૦૪ |
| એરંડા | ૬૩૦ | ૬૫૪ |
| અજમો | ૬૦૦ | ૧૩૫૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૯૩ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૭૫ | ૪૧૦ |
| બાજરી | ૨૬૧ | ૨૭૩ |
| રાયડો | ૬૦૧ | ૬૨૦ |
| એરંડા | ૬૪૦ | ૬૪૯ |
| ગવાર | ૧૪૫૧ | ૧૫૩૦ |
| જવ | ૨૪૪ | - |
| જુવાર | ૩૪૬ | ૪૧૦ |

### જોટાણા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૫ | ૬૫૨ |
| ગવાર | ૧૪૩૧ | ૧૪૪૧ |

### હારીજ

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૩૭ |
| રાયડો | ૬૦૫ | ૬૨૩ |
| એરંડા | ૬૩૦ | ૬૫૭ |
| સાસટો | ૩૧૫ | ૩૨૬ |
| બાજરી | ૨૫૬ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૩ | ૪૧૦ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૨૫ |
| ચણા | ૫૭૧ | ૬૨૦ |
| જીરૂ | ૨૦૨૫ | ૨૫૧૭ |
| સવા | ૬૦૦ | ૭૧૧ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ગવાર | ૧૫૦૦ | ૧૫૭૫ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૫૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૫૦ | ૨૪૯૮ |
| વરીયાળી | ૭૦૦ | ૧૩૨૪ |
| રાયડો | ૫૫૦ | ૬૫૦ |
| એરંડા | ૬૩૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૪૬૦ |
| બાજરી | ૨૦૦ | ૨૮૩ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૩૨ |
| મેથી | ૪૮૦ | ૫૫૦ |

### ઊંઝા

| | | |
|---|---|---|
| જીરુ | ૨૦૨૫ | ૨૭૮૦ |
| વરિયાળી | ૮૩૨ | ૨૩૨૨ |
| ઈસબગુલ | ૧૨૧૮ | ૧૪૭૦ |
| સરસવ | ૬૪૭ | ૬૮૫ |
| રાયડો | ૫૯૧ | ૬૮૦ |
| તલ | ૧૭૭૫ | ૨૧૮૦ |
| સવા | ૬૫૧ | ૭૧૭ |

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

હાડમારીથી પ્રજામાં પ્રસરેલો ભારે આક્રોશ

# ચૂંટણી, ગરમી તથા લગ્નના માહોલ વચ્ચે પ્રજા પાણીથી વંચિત

પાલનપુર, તા. ૧

પાલનપુર શહેરના મોટાભાગના વિસ્તારની જનતાને પાણી ધરોઈ યોજનામાંથી મળે છે. આવા કાળઝાળ ગરમી અને લગ્નના માહોલ વચ્ચે તથા લોકસભાની પેટા ચૂંટણી ટાણે જ દાંતાના ઓબાઘાટ પાસે મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ થતાં શહેરીજનો છેલ્લા ત્રણ દિવસથી પાણીથી વંચિત રહ્યા છે. પીવાની પાણીની તંગીના કારણે પાલનપુર શહેર તરસ્યુ બન્યું છે. પ્રજા પીવાના પાણી માટે વલખા મારી રહી છે.

ઉનાળાની સિઝન શિયાળા અને ચોમાસા કરતા પીવાના પાણીની વપરાશ વધી જાય છે. અને ચાલુ સિઝને પારો ૪૨ થી ૪૪ ડિગ્રીની આસપાસ રહે છે. ત્યારે શહેરીજનોને માથે એક નવી મુસીબત આવી પડી છે. પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતા દોઢ લાકથી વધુ જનસંખ્યા ધરાવતા પાલનપુર શહેરની પ્રજા પીવાના પાણી વગર ત્રાસી ગયા છે. એકબાજુ ૨ જી જૂને લોકસભાની પેટા ચૂંટણી યોજાનાર છે ત્યારે મતદાનમાં આ સમસ્યાને લીધે વ્યાપક અસર થવાની ભીંતી છે. આ તમામ સમસ્યાઓ વચ્ચે વહીવટી તંત્ર, કલેક્ટર હિંગરાજીયા, ડી.ડી.ઓ. મહેન્દ્ર પટેલ, પાલિકા પ્રમુખ હસમુખ પઢીયાર સાથે ઉપપ્રમુખ અમૃત જોષી, પાણી પુરવઠાના નિલેષભાઈ રાવલ, વિજય જોષી, અનિલ ચક્રવર્તી, દેવેન્દ્ર રાવલ સહિત પાલિકાનો સ્ટાફ પાણીની પાઈપલાઈનને યુદ્ધના ધોરણે રિપેરીંગ કરવાની કામગીરી આરંભી છે. આ અંગે કલેક્ટરે શહેરમાં કાર્યરત ૨૨ બોર સહિત ડીસા, સિદ્ધપુર, થરાદ, ધાનેરા, એસ.ટી., જિલ્લાપંચાયત, આર.એન્ડ.બી. સહિતના ફાયર અને પાણીની ટેન્કરો દ્વારા સપ્લાય ચાલુ કરાયા છે.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

વધુમાં આવતીકાલે આવનાર ચૂંટણી મતદાન કેન્દ્રો તરીકે મોટાભાગે શાળા-બાલમંદિરોમાં ઉનાળુ વેકેશનનો માહોલના લીધે વોટરબેગ અને મોટા ડ્રમમાં પાણીની વ્યવસ્થા કરાઈ હોવાનું જણાવેલ છે.

એકંદરે છેલ્લા ત્રણ દિવસથી પાણી વિના પાલનપુર શહેરીજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને પ્રજામાં પાણીના પ્રશ્નનો નિકાલ ન લાવવાના કારણે સત્તા પર રહેલ તંત્ર પ્રત્યે રોષની લાગણી પ્રવર્તી રહી છે.

# પાલનપુર શહેરમાં સસ્તા અનાજની દુકાનોમાં અસંખ્ય ભૂતિયા કાર્ડ પકડાયા

પાલનપુર, તા.૧

બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે પુરવઠા ખાતે પુરવઠા વિભાગે કડકાઈ દાખવીને બોગસ રેશન કાર્ડવાળા સસ્તા અનાજની દુકાનના સંચાલકો સામે પગલા ભરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ આવા પ્રકારના કાર્ડ કાઢી આપનાર અને ચકાસણી કરનારા અધિકારી કઈ રીતે કાર્ડ કાઢી આપે છે તે પણ વિચારવા જેવી બાબત છે.

પાલનપુરમાં ત્રણ સસ્તા અનાજની દુકાનદારો સામે કડકાઈ દાખવીને કાયદેસરની કાર્યવાહી પુરવઠા વિભાગ દ્વારા કરવામાં આવી જેમાં બોગસ કાર્ડ નીકળ્યા છે. તો આવા કાર્ડમાં અંગુઠાનું નિશાન કોણે આપ્યું તેની ચકાસણી કરાઈ છે ખરી, ચાલો તપાસ થઈ તો પરીણામ શું આવ્યું. જો આ બાબતે સંચાલકોને દોષિત ગણવામાં આવતા હોય તો કાર્ડ કાઢી આપનાર અને ચકાસણી કરનારા પણ તેટલા જ ગુનેગાર છે તો માત્ર સંચાલકો સામે જ પગલા ભરવામાં આવ્યા છે તો અન્ય દોષિતો સામે કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. રાજયના રેવન્યુ વિભાગ-પૂરવઠા વિભાગના કર્મચારી તપાસ કરે છે તેમણે નવા રેશન કાર્ડ બન્યા તો તેની તપાસ કેમ ન કરાઈ. આ સંદર્ભે જિલ્લા પુરવઠા અધિકારી અને રેવન્યુ વિભાગ ઉપરોકત બોગસ રેશનકાર્ડ સંદર્ભે થયેલ સંચાલકો સામેની કાર્યવાહી બાદ ચકાસણી કરનારા અંગુઠો લેનાર અને તપાસ કરનારા સામે ન્યાયિક તપાસ કરાવીને દોષિતો સામે પગલાં ભરાય તેવી માંગ ઉઠવા પામી છે.

# મહેસાણા ખાતે સરકારી કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવવા જોગ

મહેસાણા, તા.૧

મહેસાણા જિલ્લા ખાતે ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ કોલેજ જેમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ તથા એમ.એ., એમ.કોમ., એસ.એસ.સી., બી.એડ., બી.ફાર્મ, હોમિયોપેથીક એલ.એલ.બી., એન્જીનીયરીંગ ડીગ્રી ડિપ્લોમા તથા અન્ય ઉચ્ચ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા સા.શૈ.પ. વર્ગ (બક્ષીપંચ)ની બહેનો માટે વિના મુલ્યે રહેવા, જમવાની સંપુર્ણ સુવિધાવાળું સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) મહેસાણામાં ચાલી રહી છે.

આ છાત્રાલયમાં ગ્રામ્ય વિસ્તારમાં આવતી બહેનો માટે રૂપિયા ૭૯,૫૦૦ તથા શહેરી વિસ્તારમાંથી આવતી બહેનો માટે ૧,૦૬,૦૦૦ વાર્ષિક આવક મર્યાદા ધરાવતી બહેનોને પ્રવેશ આપવામાં આવે છે.

સરકારી કન્યા છાત્રાલય (વિ.જા.) મહેસાણા સરદાર ડેરી સામે આર.ટી.ઓ. ઓફિસની પાછળ મહેસાણા ૦૨માં ચાલી રહી છે. આ માટે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી બ્લોક નં. ૪, ભોંયતળીયે મહેસાણા-૦૧ ૦૨૭૬૨-૨૨૧૮૭૩ પર સંપર્ક સાધવાનો રહેશે તેમ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ઊંઝા બસ મથકમાંથી નિવૃત્ત જમાદારનું બાઈક ચોરાયું

ઊંઝા, તા.૧

ઊંઝા ખાતે એસ.ટી. બસ સ્ટેશનમાં પાર્ક કરાયેલ એક નિવૃત્ત પોલીસ જમાદારના બાઈકની બે દિવસ અગાઉ સાંજના સમયે કોઈ તસ્કરોએ ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. વિનોદપુરી ગોસ્વામીએ સાંજના સમયે પોતાનું પલ્સર બાઈક ઊંઝા એસ.ટી. બસ સ્ટેન્ડમાં પાર્ક કર્યું હતું જયારે કોઈ તસ્કરો આ બાઈકની ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

# જેગોલ ગામની દેના ગ્રામિણ બેન્કમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ

## ચોર બેન્કની દીવાલમાં બાકોરું પાડી અંદર પ્રવેશ્યા

દાંતીવાડા, તા.૧

દાંતીવાડા તાલુકાના જેગોલ ગામમાં આવેલ દેના ગ્રામિણ બેન્કમાં ગત રાત્રિના સમયે બેન્કની દિવાલમાં બાકોરું પાડી ચોરીનો નિષ્ફળ પ્રયાસ થયો હતો. ચોરીના ઈરાદે આવેલા ઈસમો પ્રયાસમાં સફળ થયા પરંતુ ચોરી કરવામાં સફળ રહ્યા નહોતા અને ખાલી હાથે પાછા જવાનો વારો આવ્યો હતો. આ મામલે પાંથાવાડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા તાલુકાના જેગોલ ગામે દેના ગ્રામિણ બેન્ક આવેલી છે. જેમાં ગત રાત્રિએ ચોર ઈસમોએ ત્રાટકીને બેન્કની દીવાલમાં બાકોરું પાડી અંદર પ્રવેશ્યા હતા અને બેન્કમાં રહેલ મુદ્દામાલ તેમજ ચીજવસ્તુઓના તાળા તોડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તસ્કરોને બેન્કમાંથી કોઈ પણ પ્રકારની રકમ કે મુદ્દામાલ હાથ ન લાગતા તેઓ ખાલી હાથે પાછા ફર્યા હતા. આ ચોરી અંગે સવારે ૯.૩૦ કલાકે બેન્કના પટાવાળા અમરતભાઈને જાણ થતા તેમણે આ ચોરી અંગે મેનેજરને જાણ કરી હતી. જેથી મેનેજર તાત્કાલિક દોડી આવ્યા હતા અને પાથાવાડા પોલીસને જાણ કરી હતી. પોલીસ દ્વારા ચોરી અંગે એફ.એસ.એલ. અને ડોગ સ્કવોડની મદદ લઈ તસ્કરોને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

ઊંઝાના ઐઠોર ગામે

# પચ્ચીસ લાખની ખંડણી માંગવા અપહરણ અને લૂંટની ફરિયાદ

ઊંઝા, તા. ૧

ઊંઝા નજીકના ઐઠોર ગામની સીમમાં ઈંટોનો ભઠ્ઠો ધરાવતા મહેસાણાના પ્રજાપતિની ગાડી અટકાવીને ઈંટોના ભાવ પુછવાના બહાને પાંચ અજાણ્યા શખ્સોએ રીવોલ્વરની અણીએ અપહરણ કરી ઢોર માર મારીને રોકડ રકમ તેમજ સોનાના દાગીનાઓની લૂંટ કરી રૂપિયા પચ્ચીસ લાખની ખંડણી માગી પ્રજાપતિને મધરાતના સમયે મહેસાણા-ધિણોજ હાઈવે પર ફેંકી દઈને લૂંટારૂઓ ક્યાંક નાસી છૂટવા હોવાનો ચોંકાવનારો બનવા બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી મચી ગઈ છે. વિગત એવી છે કે મહેસાણા ખાતે કંબોઈનગર સોસાયટીમાં રહેતા રાજેશભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિએ ઊંઝા તાલુકાના ઐઠોર ગામની સીમમાં ઈંટોનો ભઠ્ઠો કર્યો છે. જેથી તેવો મહેસાણાથી હોન્ડાસીટી કાર લઈને ભઠ્ઠે આવ્યા હતા અને સાંજના સમયે કાર લઈને પરત મહેસાણા જવા નીકળ્યા હતા ત્યારે કાચા નેળિયામાં સફેદ ગાડીમાં આવેલ પાંચ અજાણ્યા શખ્સો પૈકી એક શખ્સે ઈંટોના ભાવ પુછવાના બહાને પ્રજાપતિની કારને અટકાવીને બળજબરીપૂર્વક તેમને હોન્ડાસીટી કારમાં બેસી રીવોલ્વરની અણીએ તેમનું અપહરણ કર્યુ હતું. બાદ માર્ગમાં તેમની આંખે પટ્ટીઓ બાંધી સખ્ત માર મારી ૧૬ હજારની રોકડ રકમ, સોનાની બે વિંટી તથા સોનાની રુદ્રાક્ષથી મઢેલ માળાની લૂંટ કરી રૂપિયા ૨૫ લાખની ખંડણી માંગી હતી. આટલી મોટી રકમની અપહરણકર્તાઓની માંગણી પ્રજાપતિએ આપવા અસમર્થતા દર્શાવતાં છેવટે પાંચ લાખ આપવાની માંગણી કરી હતી. ત્યારબાદ મહેસાણા રાધનપુર હાઈવે પર ધિણોજ નજીક મધરાતના સમયે લૂંટારૂઓ પ્રજાપતિને ગાડીમાંથી બહાર ફેંકી ગાડી છોડીને ક્યાંક નાસી ગયા હતા. લૂંટનો ભોગ બનેલ પ્રજાપતિ હિંમત દાખવીને રાત્રિના સમયે ઘરે ગયા હતા બાદ બીજા દિવસે ઊંઝા પોલીસમથકે જઈને પોલીસ સમક્ષ સઘળી હકિકત જણાવી હતી. આથી પોલીસે પાંચ અજાણ્યા શખ્સો વિરુદ્ધ અપહરણ, લૂંટ અને ખંડણી માગવાનો ગુનો દાખલ કરી મોબાઈલ ફોન પર ખંડણી માંગીને ધમકી આપનાર શખ્સના ફોન કોલ્સની ડીટેઈલ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. જેમાં ફોન પર ખંડણી માગનાર ઈસમ પાટણનો હોવાની હકિકત જાણવા મળતાં પોલીસે આ શખ્સને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# જોરાવર પેલેસનો ફૂવારો શોભાના ગાંઠીયા સમાન : પ્રજામાં રોષ



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર, તા. ૧

બનાસકાંઠાના જિલ્લાનું વડુ મથક પાલનપુર સરકારી મથક તરીકે ઓળખાય છે. પાલનપુરમાં જિલ્લાની તમામ ઓફિસો જોરાવર પેલેસમા કાર્યરત છે. આ જોરાવર પેલેસ એ નવાબના સમયનો પેલેસ છે. આ પેલેસ એ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. ત્યારે તેમાં રહેલ ફૂવારો બંધ હાલતમાં છે. જિલ્લાની સરકારી ઓફિસોની શોભા વધારતો ફૂવારો શોભાના ગાંઠીયા સમાન બન્યો છે.

પાલનપુરના જોરાવર પેલેસ એક જમાનામાં નવાબ આ પેલેસમાં બેસીને પાલનપુર રાજયનો વહીવટ કરતા હતા. હાલ આજ પેલેસમાં જિલ્લાનો સરકારી વહીવટ, જિલ્લા પોલીસ વડા આજ પેલેસમાં બનાવેલ સરકારી ઓફિસોમા બેસી કાર્યભાર સંભાળે છે. કલેક્ટર કચેરી અને પોલીસ વડાની કચેરીની વચ્ચે બગીચામા આવેલા ફૂવારો સરકારી નાણાંથી શોભતા હતા. જેનો લહાવો સરકારી કામ અર્થે આવેતા પ્રજાજનો માણતા હતા. પરંતુ હાલ આ કાળઝાળ ગરમીના માહોલમાં તાપમાન જયારે ૪૪ ડીગ્રીની આસપાસ જ હોય છે ત્યારે આ ફૂવારો બંધ હાલતમાં છે. પણ જયારે બગીચામાં ફૂવારો ચાલુ અવશ્ય હતો. ત્યારે આકર્ષિત અને ઠંડક આપતો સરકારી કામ અર્થે આવેલા જિલ્લા વાસીઓમાં કાળઝાળ ગરમીમાં આકર્ષણ અને ઠંડક આપતો પરંતુ હાલ આ ફૂવારો બંધ હાલતમાં રહેવાથી જોરાવર પેલેસની શોભા ઓછી થવા પામી છે. અને તાત્કાલિક આ ફૂવારો ચાલુ કરવા જિલ્લાવાસીઓની તંત્ર સમક્ષ ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન